ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 31st August, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,

.................................................................................,

ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા 4 થી સપ્ટેમ્બરે મેડીકલ કોલેજ ખાતે યોજાશે**
**જીલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી. ક્વિજ અને નેશનલ સાયન્સ સેમીનાર**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર(GUJCOST) દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેક્નોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી સતત કાર્યરત છે.

શાળાઓના વિદ્યાર્થીઓમાં રહેલા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને ખીલવવા પ્રતિ વર્ષ જીલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્ર કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું વર્ષ દરમ્યાન આયોજન કરવામાં આવે છે. જેનું ભાવનગર જીલ્લામાં GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સંકલન કરવામાં આવે છે. આજનો વિદ્યાર્થી આવતીકાલના દેશનો વૈજ્ઞાનિક ઢબે વિકાસ કરી શકે એવા હેતુ સહ પ્રતિ વર્ષ જીલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્ર કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

જેના ભાગ રૂપે

**૧. ભાવનગરમાં જીલ્લા કક્ષાએ નેશનલ સાયન્સ સેમીનાર-૨૦૧૯ (શાળા દીઠ ૧ વિદ્યાર્થી)**

વિષય : આવર્ત કોષ્ટકના રાસાયણિક તત્વોની માનવ કલ્યાણ પર અસર

ધોરણ : ૮, 9 અને ૧૦ ના વિદ્યાર્થીઓ માટે

**૨. નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝ - ૨૦૧૯ (ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે જ, શાળા દીઠ ૨ વિદ્યાર્થીઓની ૧ ટીમ)**

વિષય : ઇન્ફોર્મેશન અને ટેક્નોલોજી

ધોરણ : ૮ (પ્રાથમિક), ૮ અને ૯ (માધ્યમિક શાળા) ૧૧ અને ૧૨ (ઉચ્ચતર માધ્યમિક)

ઉપરોક્ત સ્પર્ધાઓ તા.૪ સપ્ટેમ્બર, ૨૦૧૯ને બુધવારના રોજ સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર ખાતે સવારે ૮:30 કલાક (રજીસ્ટ્રેશન અને TA ફોર્મ) થી 4 વાગ્યા સુધી યોજાશે. નોંધણી થયેલ શાળાઓને જણાવેલ સમયે શિક્ષક તથા વિદ્યાર્થીઓએ હાજર રહેવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જણાવેલ છે.

વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : **8866570111** પર સંપર્ક કરી શકાશે.

31-8-19
1 PM

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar